स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सत्यमेव जयते

| અજમાયશી અધિક્ષક, નશાબંધી અને આબકારી (વર્ગ-૨)ની નિમણુંક |
|---|

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૧૩/૧૦/૨૦૧૭**

## અધિસૂચના

**ક્રમાંકઃમકમ/૧૦૨૦૧૭/૧૪૪૨/ઇ-૧**

ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંકઃ૦૯/૨૦૧૪-૧૫ના અનુસંધાને લેવાયેલ ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના તા.૨૮.૦૭.૨૦૧૭ના રોજ જાહેર કરાયેલ પરિણામના આધારે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨.૧૦.૨૦૧૭ના પત્ર ક્રમાંકઃએસસીએસ-૧૧૨૦૧૭-૪૬૩૮૪૮-આર થી ગૃહ વિભાગ હેઠળના નશાબંધી અને આબકારી ખાતાના અધિક્ષક, નશાબંધી અને આબકારી,વર્ગ-૨ની જગ્યા ઉપર નિમણૂંક આપવા માટે ૬ (છ) ઉમેદવારને ફાળવવામાં આવેલ છે. તે અન્વયે નીચે દર્શાવેલ ઉમેદવારને અધિક્ષક, નશાબંધી અને આબકારી, વર્ગ-૨ની જગ્યાએ (પે મેટ્રીક્સ લેવલ નં.૮ રૂ. ૪૪,૯૦૦ - ૧,૪૨,૪૦૦) ૨ વર્ષના અજમાયશી ધોરણે નીચે દર્શાવેલ તેમજ હવે પછી મુકવામાં આવે તેવી શરતોને આધિન નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | નામ અને સરનામું | મેરીટ ક્રમ | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | **શ્રી મીહીર પ્રવિણભાઇ સાકરિયા**<br>ડી-૧૭૭, અશોકનગર ઇસરોની પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ | ૧૧૧ | સામાન્ય પરૂષ |
| ૨ | **શ્રી બલભદ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા**<br>૪/બી-૨, વૃંદાવન ટેનામેન્ટ, જુની આરામ કોલોની-૨, એરોડ્રામ રોડ, રાજચેમ્બર્સની સામે જામનગર- ૩૬૧૦૦૬ | ૧૧૯ | સામાન્ય પરૂષ |
| ૩ | **શ્રી શક્તિસિંહ અરવિંદસિંહ ગોહિલ**<br>માતૃ આશિષ, શાંતિનગર રોડ નં.૧,૯ પટેલ કોલોનીના અંતે, જામનગર-૩૬૧૦૦૮ | ૧૨૧ | સામાન્ય પરૂષ |
| ૪ | **શ્રી આશિષકુમાર અશ્વિનકુમાર દરજી**<br>૨૪/૨, શિવાનંદ પાર્ક-૨, ટી બી હોસ્પીટલ રોડ, ONGC ના કુવા પાછળ, મહેસાણા-૩૮૪૦૦૨ | ૨૭૬ | સા.શૈ.પ.વ.પુરૂષ |

| | | | |
|---|---|---|---|
| ૫ | **કુ.અમિતાબેન વિઠ્ઠલદાસ પટેલ**<br>૭/૧૬૭, ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬ | ૩૪૪ | સામાન્ય મહિલા |
| ૬ | **કુ.શ્રુતિબેન કમલેશકુમાર દવે**<br>૨૦, તિરૂપતિ ટેનામેન્ટ, સનનગર પાછળ, સિધ્ધપુર, જી.પાટણ-૩૮૪૧૫૧ | ૩૪૭ | સામાન્ય મહિલા |

**શરતો:-**

(૧) તેઓએ આ અધિસૂચનાની તારીખથી ૭ દિવસની મુદતમાં નાયબ સચિવશ્રી (ફરિયાદ અને નશાબંધી), ગૃહ વિભાગ, બ્લોક નં.૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર સમક્ષ કામકાજના દિવસોમાં ફરજ ઉપર હાજર થવાનું રહેશે અને તેમની વિગતવાર નિમણૂંકના હુકમો આ વિભાગ દ્વારા અલાયદી રીતે કરવામાં આવશે.

(૨) આ નિમણૂંક શારીરિક યોગ્યતા પ્રમાણપત્રો મેળવવા અંગેના સરકારના પ્રવર્તમાન નિયમો અને સૂચનાઓ મુજબની તબીબી તપાસને અંતે અપાનાર શારીરિક યોગ્યતાના પ્રમાણપત્રને આધીન રહેશે.

(૩) આ નિમણૂંક સબંધિત ઉમેદવારના ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસ અંગેના સબંધિત પોલીસ અધિકારીના અહેવાલને આધિન રહેશે.

(૪) આ નિમણૂંક ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ ના નિયમ-૮(૧-એ) ની જોગવાઇ મુજબ કોમ્પ્યુટરના જ્ઞાન અંગેના મેળવવાના પ્રમાણપત્રને આધીન રહેશે.

(૫) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/ શારીરિક વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે અને આ નિમણૂંક તેની ચકાસણી અને ખાતરી થયાની શરતને આધીન રહેશે.

(૬) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૭/૧૯૯૦ના પરીપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૯૦-૧૫૧૫-ગ-૨ ના ફકરા-૨ અનુસાર સંબંધિત ઉમેદવાર અધિક્ષક, નશાબંધી અને આબકારી, વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમોની શૈક્ષણિક લાયકાત,ઉંમર, જાતિ, નાગરિકત્વ વગેરેની જોગવાઇ સંતોષે છે કે કેમ તેની ચકાસણી અને ખાતરી કરાયાને આધીન આ નિમણૂંક રહેશે.

(૭) તેઓ અગાઉ સરકારી/અર્ધ-સરકારી નોકરીમાં હોય તો, તે જગ્યાએથી છુટા થઈ/ રાજીનામું મંજુર કરાવીને આવ્યા છે તે મતલબનો પુરાવો/ફરજમુકિતનો હુકમ હાજર થતી વખતે અવશ્ય રજુ કરવાનો રહેશે. તે સિવાય તેઓને હાજર કરવામાં આવશે નહી. અગાઉની નોકરીમાંથી ટર્મિનેટ/ડીસમીસ કરવામાં આવ્યા હોય તો, તેના કારણોની ચકાસણી કરી સરકારને યોગ્ય જણાશે ત્યારબાદ જ અજમાયશી તરીકે હાજર કરવામાં આવશે.

(૮) આ નિમણૂંકો નામ. ગુજરાત હાઇકોર્ટમાં પડતર (૧) સી.એ.નં. ૫૬૦૪/૨૦૧૭ ઇન એસ.સી.એ.નં. ૮૧૫૩, ૯૮૩૭, ૯૯૯૫/૨૦૧૭ (૨) એસ.સી.એ.નં. ૧૦૯૨૦/૨૦૧૭ (૩) એલ.પી એ.નં. ૮૬૫/૨૦૧૭ ઇન સી.એ.નં. ૫૬૦૪/૨૦૧૭ ઇન એસ.સી.એ.નં. ૮૧૫૩/૨૦૧૭ વીથ સી.એ.નં. ૬૪૨૯/૨૦૧૭ ઇન એલ.પી.એ.નં. ૮૬૫/૨૦૧૭ (૪) એલ.પી.એ.નં. ૧૦૦૮/૨૦૧૭ ઇન સી.એ.નં. ૫૬૦૪/૨૦૧૭ ઇન એસ.સી.એ.નં. ૮૧૫૩/૨૦૧૭ વીથ સી.એ.નં. ૮૪૯૫/૨૦૧૭ ઇન એલ.પી.એ.નં. ૧૦૦૮/૨૦૧૭ (૫)એસ.સી.એ.નં. ૧૪૬૮૫/૨૦૧૬ અને એસ.સી.એ.નં.

૧૨૧૧૮/૨૦૧૭ અને આ ભરતી જાહેરાત સબંધિત અન્ય અદાલતી પ્રકરણોના આખરી ચુકાદાને આધીન રહેશે.

૨/ ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત આ નિમણૂંક અંગેની અન્ય શરતો હવે પછી બહાર પડાનાર વિગતવાર નિમણૂંકના હુકમોમાં દર્શાવવામાં આવશે અને તે શરતો પણ સબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આશિષ વાળા)**
સરકારના નાયબ સચિવ

---

**ક્રમાંકઃ** મકમ/૧૦૨૦૧૭/૧૪૪૨/ઇ-૧
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૧૦/૨૦૧૭

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ક.ગ.), સા.વ.વિ.ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુકત સચિવશ્રી( કેબીનેટ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તાલીમ અને નિયામકશ્રી, રાજ્ય પોલીસ એકેડમી, કરાઇ.
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ( આ વિભાગની જાણ હેઠળ તાલીમની વ્યવસ્થા કરવાની વિનંતી સાથે)
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતુ, નશાબંધી ભવન, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- એકાઉટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સંબધિત ઉમેદવાર (રજીસ્ટર એ.ડી.)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/ના.સે.અધિ. સિલેક્ટ ફાઇલ/શાખા સિલેક્ટ ફાઇલ.

**(જી.ટી.પટેલ)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ